ગાંધીનગર સમાચાર

તા. ૨૧-૧૧-૨૦૧૩, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી.....

### વાહ! છત્તીસગઢ, વાહ!

શું ખરેખર ભારતીય મતદાતા એને મળેલા મતાધિકારનું મૂલ્ય સમજવા માંડયો છે? ભારત આઝાદ થયું ત્યારે ચર્ચીલ જેવા વિચક્ષણ બ્રિટિશ નેતાએ એની અવળી કુંડળી માંડેલી અને કહેલું કે જેવા અંગ્રેજો હિંદુસ્તાનનો હવાલો ત્યાંની પ્રજાને સોંપશે કે તરત આખો દેશ વેરવિખેર થઈજશે. પરંતુ છત્તીસગઢ જેવા પછાત રાજયની પ્રજાએ વિધાનસભાની ચૂંટણીમાં વિક્રમ મતદાન કરીને ભારતીય લોકશાહીની તાકાત બતાવી દીધી છે, તે જોઈને તો કબરમાં પોઢેલા ચર્ચીલની પણ ઊંઘ હરામ થઈ ગઈ હશે. છત્તીસગઢની રચના એ સ્થાનિક પ્રજાની માગણીને માન આપીને ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશ જેવાં મોટાં રાજ્યોમાંથી વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવતાં ત્રણ નાનાં રાજ્યોની સ્થાપના થઈ એ સમયે કરાઈ હતી.આપણો દેશ આઝાદ થયો ત્યારે ચાર મોટા વિભાગો (પ્રોવિન્સ)માં વહેંચાયેલો હતો. પછી ધીરે ધીરે જુદાં જુદાં રાજ્યો અસ્તિત્વમાં આવતાં ગયાં. છત્તીસગઢ મૂળે તો મધ્યપ્રદેશમાં સમાવાયેલો વિશિષ્ટ લોકસંસ્કૃતિ અને વનસંપદા ધરાવતો પ્રદેશ છે. બસ્તર એ દેશના સૌથી અલ્પ વિકસિત અજવાળાં પહોંચાડવાનું આજની તારીખ સુધી શક્ય નથી બન્યું. મધ્યપ્રદેશ દેશનો સૌથી લાંબો પહોળો પટ ધરાવતું કદાવર રાજ્ય હતું. એમાંથી આ વિશિષ્ટ પ્રદેશો અલગ તારવીને એક નાનું અને નવું રાજ્ય કંડારી દેવાયું હતું.

કોંગ્રેસના ત્રણ પૂર્વ મુખ્યમંત્રીઓ શ્યામચરણ શુક્લ, વિદ્યાચરણ શુક્ત અને મોતીલાલ વોરાનું કાર્યક્ષેત્ર આ છત્તીસગઢમાં આવે છે. શુક્લ બંધુઓના પિતા રવિશંકર શુક્લ એમના સમયમાં મધ્ય ભારતનું નેતૃત્વ કરતા હતા. ત્યારે મુખ્યમંત્રી માટે પંતપ્રધાન શબ્દ વપરાતો હતો. સમય બદલાતાં સવર્ણ નેતાગીરીની લગોલગ તળ ધરતી સાથે જોડાયેલા પછાત ગિરિવનવાસી અને શ્રમિક વર્ગમાંથી નેતાગીરી ઊભી થઈ તે પણ ભારતીય લોકશાહીની વિકાસોન્મુખ યાત્રાનો જ પુરાવો છે. છત્તીસગઢ રાજયની રચના વખતે એના પ્રથમ મુખ્યમંત્રી તરીકે નોંધપાત્ર સેવાઓ આપનાર અજિત જોગી આદિવાસી સમાજના રાષ્ટ્રીય નેતા ગણાય છે. કોંગ્રેસ પછાત વર્ગોની તરફદારી પાર્ટી ગણાય છે. ગુજરાતમાં અમરસિંહ ચૌધરીને મુખ્યમંત્રી બનાવીને એણે દેશના પ્રગતિશીલ ગણાતા રાજયમાં પણ આદિવાસી મુખ્યમંત્રીપદ સુધી પહોંચી શકે એનો દાખલો બેસાડ્યો હતો. છત્તીસગઢમાં શાસન પલટો થયા પછી ડૉ. રમણસિંહની સરકાર આવી, જે બે લાગલગાટ સત્રો પૂરાં કરી હેટ્રિક લગાવવાની આશા સેવી રહી છે. ડૉ. રમણસિંહ લોકપ્રિય મુખ્યમંત્રી તરીકે વખણાયા છે. એમણે 'પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ' જાહેર વિતરણ વ્યવસ્થા એવી સુચારુ ઢબે ગોઠવી છે કે દિલ્હીથી મોકલાવાતું સસ્તું અનાજ છેક બસ્તરના છેવાડા ઝૂંપડા સુધી પહોંચી શક્યું છે. તેથી આદિવાસી નહીં હોવા છતાં ડૉ. રમણસિંહએ ગરીબ જનજાતિ સાથે નિકટતા કેળવી શક્યા છે. જો કે છત્તીસગઢમાં નકસલ સમસ્યા ખૂબ વધુ પ્રમાણમાં વકરી છે. એને નાથવામાં રાજય સરકાર સદંતર નિષ્ફળ રહી છે એની પ્રતીતિ થોડા વખત પહેલાં આખા કોંગ્રેસી નેતાઓના કાફલાને ઘેરીને શસ્ત્રસજ્જ નકસલીઓએ ક્રૂરતા પૂર્વક રહેંસી નાખ્યો, એ ઘટનાથી થાય છે. આટલી મોટી હિંસક ઘટના પછી પણ હજી નકસલવાદીઓને રાજય સરકાર કે કેન્દ્ર સરકાર નિયંત્રિત કરી શકી નથી. ચૂંટણી પહેલાં અને ચૂંટણી દરમિયાન નકસલવાદીઓએ હિંસક હુમલા કર્યા છે. એમાં કેટલાક અર્ધસૈનિક દળોના જવાનો અને પોલીસ જવાનો માર્યા ગયા છે. છતાં સરવાળે બેઉ તબક્કાનું મતદાન શાંતિપૂર્વક સંપન્ન થયું છે એટલું જ નહીં, મતદાન ધાર્યા કરતાં ઘણું વધારે થયું છે. નકસલ પ્રભાવિત બાર જિલ્લાઓમાં એ ૬૭ ટકા રહ્યું અને બીજા તબક્કામાં તો ૭૫ ટકા સુધી પહોંચી ગયું. વૃદ્ધો, અપંગો અને મહિલાઓ ઉપરાંત યુવાનોએ એમને મળેલ મતાધિકારનો ઉપયોગ કરી મનગમતી-સારી સરકાર લાવવા માટેનો એમનો અભિપ્રાય ઈવીએમમાં 'ફીડ' કરી દીધો છે. એ પૈકી કેટલાકે ઉપર પૈકીનો એક પણ નહીં- 'નન ઑફ એબાઉ'વાળું બટન પણ દબાવ્યું હશે. મતદાર જાગ્રત થયો છે, એ સિવાય આ પ્રકારના નેગેટિવ મતદાનની વ્યવસ્થાની માગણી જ ન થઈ હોત ને! છત્તીસગઢ જેવા પ્રમાણમાં અલ્પ શિક્ષિત પછાત અને નાના રાજયમાં મતદાતા આટલો જાગ્રત થયો હોય તો તે ખચીત હરખાવા જેવી ઘટના જ ગણાવી જોઈએ. વધારે મતદાન થવા પાછળ કયાં કારણો જવાબદાર હોઈ શકે? મુખ્યમંત્રીની લોકપ્રિયતાને કારણે અને તથાકથિત 'મોદી-ઈફેક્ટ'ને લીધે મતદાન વધુ થયું હોય તે બનવા જોગ છે. બીજી તરફ કોંગ્રેસી કાફલા પર થયેલ હુમલાને કારણે પ્રજામાં શહીદ થનાર કોંગ્રેસી આગેવાનો પ્રત્યે સહાનુભૂતિનું મોજું જાગ્યું હોય અને તેથી લોકોએ નકસલવાદીઓના આતંક સામે છાતી કાઢીને બહાર નીકળવાનું પસંદ કર્યું હોય તે પણ બનવા જોગ. આવું મતદાન મહદંશે કોંગ્રેસી તરફેણમાં થયું હશે એવું અનુમાન પણ બાંધી શકાય.

# ગુજરાતમાં સૌ પ્રથમવાર માણસા ખાતે ઐતિહાસિક કલ્યાણકારી કુટુંબકથાનું આયોજન

## ૧૦૧ પરીવારો સતત પાંચ દિવસ માતા-પિતાનું પૂજન આરતી કરશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતભરમાં સૌ પ્રથમ વખત ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે એક ઐતિહાસિક મંગલમય અવસરરૂપે કલ્યાણકારી કુટુંબ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. લાખ્ખો મા-બાપના આશીર્વાદ મેળવનાર ક્રાંતિકારી વકતા પૂ.શ્રી અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોશીની વ્યાસપીઠે આ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા તા. ૨૬મી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર દરમિયાન દરરોજ સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી યોજાશે.

માણસા ખાતે વૃધ્ધત્વના વિસામા સમાન આનંદીમાંના વડલો નામે વાનપ્રસ્થાશ્રમ ચલાવનાર શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ કથાનું આયોજન કરવામાં આવેલ છે. આ કથામાં સામેલ થનાર દરેકે પોતાના મા-બાપને ભગવાનના સ્થાને બેસાડી રોજ તેમનું પૂજન અને આરતી દ્વારા કૃતજ્ઞતા પ્રગટ કરી લાડ લડાવવાનો અને જીવનમાં માતૃ-પિતૃ વંદનાનો લ્હાવો લેવાનો અનેરો ઉત્સવ છે. આ કથામાં બેસવા માટે ૧૦૧ માતા પિતાની વહેલા તે પહેલા ધોરણે કોઈ પણ જ્ઞાતિ જાતિના ભેદભાવ વગર નોંધણી કરવામાં આવશે. કોઈ પણ જ્ઞાતિ -જાતિના ભેદભાવ વિના સૌ કોઈ પૂજનમાં બેસવાનું પુણ્ય કમાઈ શકે તે હેતુથી કથામાં બેસવા માટે માત્ર રૂ.૫૧૦૦નું પ્રતિકાત્મક યોગદાન રાખવામાં આવેલ છે. જે વ્યકિતના મા-બાપ હયાત ના હોય અથવા નાદુરસ્ત હોય તેઓ માતા પિતાનો ફોટો સાથે રાખીને પણ આ પૂજન વંદનાનો લાભ મેળવી શકશે.

આ કથાની શરૂઆત તા. ૨૬મી ડિસેમ્બર ગુરુવારે સવારે ૮-૦૦ કલાકે પાંજરાપોળ ચોકથી આનંદી માના વડલા સુધીની શોભાયાત્રા દ્વારા કરવામાં આવનાર છે. પહેલા દિવસે આ કથામાં પિતૃવંદના કરવામાં આવશે. બીજા દિવસે માતૃવંદના, ત્રીજા દિવસે ભ્રાતૃભાવ, ચોથા દિવસે ભાઈ બહેનની સ્નેહવંચના અને પાંચમા એટલે કે છેલ્લા દિવસે યુવાધન માટેના વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કથાના પાંચેય દિવસ દરરોજ બપોરે ૧.૩૦ વાગે કથા પત્યા બાદ ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ કથાના મુખ્ય યજમાન પદે પિતા ત્રિભોવનદાસ જેસંગદાસ પટેલ અને માતા મણીબેન ભિત્રોવનદાસ પટેલના સ્મરણાર્થે તેમના સુપુત્ર શ્રી અરવિંદભાઈ ત્રિભોવનદાસ પટેલ પરિવાર (રાજભોગ ફુડસ-યુએસએ) બિરાજશે. તેમજ દરરોજના ભોજન પ્રસાદનું આયોજન દાતા માતા કલાબા બાબુજી ચાવડા અને પિતા બાબુજી શિવાજી ચાવડાના સુપુત્રશ્રી જીતેન્દ્રસિંહજી બી. ચાવડા અંબોડવાળા જે.બી. કોર્પોરેશનના પરિવાર તરફથી કરવામાં આવેલ છે.

માતા-પિતા, સાસુ-વહુ, ભાઈ-બહેન, પિતા-પુત્ર તથા ભાઈ ભાઈ વચ્ચેના સંબંધોમાં સુમેળની સ્થાપના કરી યુવાધનમાં સંસ્કાર સિંચી બેટી બચાવો અભિયાન સ્વીકારી દીકરીને આવકારી ઘરને ગોકુલ બનાવતા અને પરસ્પર પ્રિતી પ્રસરાવી પ્રેમભર્યા નવા સમાજની સ્થાપના કરતા આ પ્રેરણાદાયી પ્રસંગમાં જાહેર જનતાને નિમંત્રણ આપવામાં આવ્યું છે. આ કથામાં બેસવા માટે નામની નોંધણી ભાબુભાઈ જેઠાભાઈ બ્રહ્મભટ્ટને મહાવીર કોમ્પ્લેક્ષ માણસા અથવા દિનેશભાઈ કે. વ્યાસ જેઓ શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના માનદ મેને. ટ્રસ્ટી છે તેમનો સંપર્ક કરવા જણાવાયું છે. આ કથામાં નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૩૦મી નવેમ્બર રાખવામાં આવેલ છે. આ કથા ગુજરાતમાં એક નવો ક્રાંતિકારી ચીલો ચાતરશે તેમાં કોઈ બેમત જણાતો નથી.

# શાળા-કોલેજોમાં આજથી બીજુ શૈક્ષણિક સત્ર શરૂ થશે

### છેલ્લા ૨૧ દિવસથી સૂમસામ પડેલા શાળા અને કોલેજોના કેમ્પસ વિદ્યાર્થીઓના કોલાહલથી આજથી ધમધમી ઉઠશે

અમદાવાદ, તા.૨૦

રાજયની તમામ શાળા-કોલેજોમાં આવતીકાલથી સત્તાવાર રીતે બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. આ સાથે જ છેલ્લા ૨૧ દિવસથી સુમસામ પડેલ શાળા-કોલેજોમાં કેમ્પસ ફરીથી વિદ્યાર્થીઓના કોલાહાલથી ધમધમવા લાગશે. શિક્ષણ બોર્ડના વાર્ષિક કેલેન્ડર મુજબ બીજુ શૈક્ષણિક સત્ર ૧૩૦ દિવસનું રહેશે. એપ્રિલ મહિનાનાં અંતમાં વાર્ષિક પરીક્ષાઓ યોજાશે અને પાંચ મે થી ઉનાળુ વેકેશન પડશે જે ૮ જુન સુધી ચાલશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ આવતીકાલથી રાજ્યની તમામ શાળા-કોલેજોમાં બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. આ સાથે જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪નું શૈક્ષણિક કેલેન્ડર જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત ચાલુ શૈક્ષણિક વર્ષમાં રાજ્યની તમામ માધ્યમિક એન ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને ૩૬૫ દિવસ પૈકી ૨૪૬ દિવસ અભ્યાસ કરવાનો હતો. જેમાં પ્રથમ સત્ર ૧૦ જુનથી પ્રારંભ થયું હતું. આ પ્રથમ શૈક્ષણિક સત્રમાં અભ્યાસના ૧૧૬ દિવસ નિયત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તારીખ ૧ નવેમ્બરથી ૨૧ નવેમ્બર દરમિયાન ૨૧ દિવસનું દિવાળી વેકેશન આપવામાં આવ્યું હતું.

હવે આવતીકાલથી બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. જે ૧૬૦ દિવસ સુધી ચાલશે. એપ્રિલનાં અંતમાં વાર્ષિક પરીક્ષાઓ યોજવામાં આવશે. પરીક્ષા બાદ પાંચમી મે ૨૦૧૪થી ઉનાળુ વેકેશનનો પ્રારંભ થશે. જે ૩૫ દિવસનું રહેશે અને ૮ જુન ૨૦૧૪થી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થશે. દ્વિતીય શૈક્ષણિક સત્રમાં દરમિયાન ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ યોજવામાં આવશે જેના કારણે અભ્યાસના દિવસો ઘટી જશે. પરીણામે બીજા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓએ ગંભીરતાપૂર્વક અભ્યાસ કરવો પડશે. આ ઉપરાંત વાર્ષિક પરીક્ષાની તૈયારીઓને લઈને પણ દ્વિતીય સત્ર મહત્વનું બની રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા પણ જાન્યુઆરી મહીના સુધી દરેક શાળાઓમાં અભ્યાસક્રમ પૂર્ણ થઈ જાય અને જાન્યુઆરી મહીનાના અંત ભાગથી અભ્યાસક્રમનું રિવિઝન થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે દિવાળીના વેકેશન દરમ્યાન પણ રાજયમાં બોર્ડની પરીક્ષામાં ૩૦ ટકા કરતા ઓછું પરીણામ ધરાવતી શાળાઓ ચાલુ રાખવામાં આવી હતી. જયારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા દિવાળી વેકેશન દરમ્યાન એક્સટર્નલ પરીક્ષા લેવામાં આવી હતી.

# કુલપતિની તપાસ માટે સર્ચ કમિટી નિમવા આજે બેઠક

અમદાવાદ, તા.૨૦

ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિનું પદ છેલ્લા ત્રણ મહીનાથી ખાલી છે ત્યારે નવા કુલપતિની નિમણુંક માટે સર્ચ કમિટિમાં યુનિવર્સિટીના સભ્યની પસંદગી માટે એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડીકેટની બેઠક આવતીકાલે મળશે. આ બેઠકમાં બંને સત્તામંડળો એક નામની પસંદગી કરશે આ વ્યક્તિ સર્ચ કમિટીના પ્રથમ સભ્ય તરીકે નિમાશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદેથી આદેશપાલે ઓગસ્ટ ૨૦૧૩માં રાજીનામું આપી દીધું હતું. ત્યારથી ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિનું પદ ખાલી છે.

અત્યારે યુનિવર્સિટીનો વહીવટ કાર્યકારી કુલપતિ મુકુલ શાહ ચલાવી રહ્યા છે ત્યારે હવે યુનિવર્સિટીના કુલપતિ નિમવા માટે રાજ્ય સરકાર દ્વારા પણ પ્રયત્નો તેજ કરવામાં આવ્યા છે જેના ભાગરૂપે પ્રથમ કુલપતિ પર માટે લાયક ઉમેદરવારની તપાસ માટે સર્ચ કમિટી નિમવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ સર્ચ કમિટીમાં યુનિવર્સિટીના સભ્યની પસંદગી માટે એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડીકેટની બેઠક આવતીકાલે મળશે. આ બેઠકમાં બંને સત્તામંડળો એક નામની પસંદગી કરશે. આ વ્યક્તિ સર્ચ કમિટીના પ્રથમ સભ્ય તરીકે નિમાશે. ઉલ્લેખનીય છે કે આ સર્ચ કમિટીમાં ત્રણ સભ્યો હોય છે. જેમાં એક સભ્યની નિમણુંક યુનિવર્સિટી કરશે જયારે અન્ય સભ્યોની નિમણુંક જેબીવીસી અને રાજ્યપાલ કરશે.

એટલે યુનિવર્સિટી પોતાના સભ્યની નિમણુંક કરી રહે ત્યારબાદ જેબીવીસી અને રાજ્યપાલ તેમના સભ્ય નિમશે. જે સભ્યો યુનિવર્સિટીના કુલપતિ પદ માટે લાયક ઉમેદવારોની પેનલ બનાવી રાજ્ય સરકાર અને રાજ્યપાલને મોકલી આપે છે ત્યારબાદ યુનિવર્સિટીના કુલપતિની નિમણુંક કરવામાં આવશે.

## હરિની દૃષ્ટિ...




અરે, પચ્ચીસ કિલો વજન ઘટાડ્યું છતાં તારા ડાયાબીટીસમાં ફેર ન પડ્યો. ચિંતા ના કરીશ આપણી પાસે ઉપાય છે... હવે દસ કીલો વજન વધારીને ચેકઅપ કરાવી જાવ...!

## ખડાયતા સમાજ દ્વારા શ્રી કોટિયર્ક પ્રભુના ઓચ્છવ કાર્યક્રમની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૦

શ્રી સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત ગાંધીનગરનો 'શ્રી કોટિયર્ક પ્રભુનો ઓચ્છવ' કાર્યક્રમની તા. ૧૪ નવેમ્બરના રોજ સે-૨૩ લગ્નવાડી ખાતે ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે જ્ઞાતિના અઢાર શુભેચ્છકોના સહયોગથી કોટિયર્ક પ્રભુનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. તેમજ સમાજનાં સિનિયર ધારાશાસ્ત્રી, સિત્તેર વર્ષ વટાવી ચૂકેલ મહિલાઓનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું. સમાજનું શૈક્ષણિક ક્ષેત્રે નામ ઉજાગર કરનાર સોળ બાળકોને આ પ્રસંગે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તેમજ ખડાયતા સમાજ પરિવાર ડીરેકટરી ૨૦૧૩નું વિમોચન કરવામાં આવ્યું હતું.

ખડાયતા સમાજનું સતત છ વર્ષ સુધી પ્રતિનિધિત્વ કરનાર પ્રકાશભાઈ શાહ દ્વારા નવી કારોબારીની રચનાનું સૂચન કર્યા બાદ સમાજના પ્રમુખ તરીકે ડી.એફ. શાહની બે વર્ષ માટે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના અંદાજે પાંચસો ઉપરાંત જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતાં અને એકબીજાને નવા વર્ષની આપ-લે કરી હતી.

## ભારત વિકાસ પરિષદ ગાંધીનગરનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ભારત વિકાસ પરિષદ ગાંધીનગરનો સ્નેહમિલન કાર્યક્રમ તા. ૨૪ નવેમ્બર રવિવાર સાંજે ૬-૦૦ કલાકે હોટલ અજંલી ઈન હિંમતનગર હાઈવે પર ધણપ ખાતે રાખવામાં આવેલ છે. ભારત વિકાસ પરિષદ દ્વારા અનેક સામાજીક કાર્યક્રમો કરવામાં આવતા હોય છે. જેમાં આનંદનો ગરબો, શરદપૂનમના ગરબા અને વિવિધ જગ્યાનો પ્રવાસ કરવામાં આવે છે. ત્યારે સ્નેહમિલન સમારોહ બાદ તા. ૧ થી ૮ ડિસેમ્બર દરમિયાન યુવાનો માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. ત્યારબાદ ૧૫ વર્ષથી ઉપરની વયના વ્યકિતઓ તેમજ બાળકો માટે કલોલ ખાતે આવેલી ઈફકો ખાતરની ફેકટરીની મુલાકાત લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ક્રિકેટ ટુર્નામેન્ટ અને ઈફકોની મુલાકાતે આવનાર સભ્યોએ પોતાના નામનું રજીસ્ટ્રેશન કરાવવા જન્મનું પ્રમાણપત્રની નકલ સાથે વિપિનભાઈ પંડયાનો મો. ૯૪૨૬૬૧૪૯૧૦૫૨ સંપર્ક કરી તા. ૩૦ નવેમ્બર સુધી રજીસ્ટ્રેશન કરાવી લેવું તેમ સંસ્થા પરવાર વતી જણાવાયું છે.

## વિધાનસભા સચિવાલય પેન્શનર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગુજરાત વિધાનસભા સચિવાલય, પેન્શનર સમાજ ગાંધીનગરનો સ્નેહમિલન સમારોહ તા. ૧૧ નવેમ્બરના રોજ વિધાનસભા સચિવાલયના સચિવ ડી.એમ. પટેલના પ્રમુખ પદે યોજાઈ ગયો. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે વિધાનસભાના અધ્યક્ષશ્રીના અંગત સચિવ ડી. કે. વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નવા વર્ષ નિમિત્તે પેન્શન મિત્રો દ્વારા એક બીજાને શુભેચ્છાની આપ-લે કરવામાં આવી હતી. અને નવું વર્ષ શુખમય અને આરોગ્યપ્રદ નિવડે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

# ક્યારેક તુટતા જતા સંબંધો માટે ક્યાંકને ક્યાંક તમારા નજીકના સંબંધીઓ જ સંડોવાયેલા હોય છે...

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

કહેવાય છે કે બાળક જન્મે તેના છઠ્ઠા દિવસે રાત્રે વિધાતા દ્વારા ભાગ્યના લેખ લખાય છે. પણ આ લેખમાં શું લખાયું તે કોઈ જ જાણી શકતું નથી. પ્રસંગોપાત બનતા બનાવોમાં આ તો વિધાતાના લેખ હશે. વિધિના લેખને કોણ મેખ મારી શક્યું છે તેમ કહી આપણે સંતોષ માનીએ છીએ. પણ આ બાળક પુખ્ત વયનું બને ત્યારે પોતાના જીવનસાથીની પસંદગીનો પ્રશ્ન આવે. આ વખતે પસંદગી તે જાતે નક્કી કરે છે. મતલબ કે દામ્પત્ય જીવનની કિતાબમાં લેખ વ્યક્તિ જાતે લખે છે. સ્વાભાવિક છે કે આ જાતે મેળવેલા અધિકારના પરિણામ માટે તે પોતે જ જવાબદાર હોય છે અને છતાં આ પસંદગીના દામ્પત્યજીવન ૫૦ ટકા પણ સુધી નથી હોતા એવું વર્તમાન સમાજિક માળખાને નજીકથી જાણનારા બેધડક કહી શકે છે. તુટતા જતા દામ્પત્યજીવન માટે પોતાની માનસિકતા વિચારોની અપરિપકવતા, ઉતાવળીયાપણું કે સહનશીલતાનો અભાવ જવાબદાર હોય છે. પણ ક્યારેક આ તુટતા સમીકરણો માટે ક્યાંકને ક્યાંક તમારા પરપીડિત વૃત્તિ વધતી જાય છે. તમારા સુખી સંસારમાં આગ લાગે તેના ભડકા જોવાની જાણે કે તમારા નજીકના સંબંધીઓને જ વધુ ઉત્કંઠા હોય છે.

એક નવા પરણેલા પતિ-પત્નિના સંબંધોમાં એકાદ વર્ષમાં જ મન દુઃખ થયા. આ મન દુઃખ મતભેદમાં પરીણમતા ગયા. યુવકે તેમના નજીકના સંબંધી આગળ દુઃખ હળવું કરવા પોતાના મનની વાત નિખાલસતા પૂર્વક રજૂ કરી.. બસ આ સંબંધીને ધંધો મળી ગયો. આ અંગત વાતોને આ સંબંધીએ યુવતિના પિયરમાં વિકૃત રીતે રજૂ કરી.. તનાવ વધતો ગયો... પતિ-પત્નિના ઝઘડામાં વડીલોએ ઝંપલાવ્યું અને સાવ સામાન્ય બાબતે વાત છુટાછેડા સુધી પહોંચી ગઈ. પેલા સંબંધીએ આ તમાશો જોવામાં અને બળતામાં ઘી હોમવામાં જાણે મજા પડી ગઈ. તેણે બંને બાજુ આગ બરાબર લગાવી. બંને બાજુ સારું લાગે તેવી રજૂઆત કરતા ગયા અને બંને કયારેય ભેગા બેસી ન શકે એવો કારસો રચ્યો. છેવટે બંનેએ છુટા પડવાનો નિર્ણય કર્યો ત્યારે એ જ યુવકના સંબંધીએ એવી માયાજાળ ઉભી કરીકે છુટાછેડા માટે યુવકને વધુ રકમ આપવી પડી. ગાંધીનગરના એક પરીવારની આ સત્ય ઘટના છે આ ઘટના એટલું સિદ્ધ કરે છે કે દામ્પત્યજીવનના કડવા પ્રસંગોની ચર્ચા અત્યંત નજીકના સંબંધી આગળ પણ ન કરવી. આ લોકો જ સમય આવે તેનો દુરુપયોગ કરતા હોય છે. સમાજમાં આવા ઘણા પ્રસંગોમાં આવું બનતું જોવામાં આવ્યું છે કે સંબંધોના સમીકરણો બગાડવામાં કયાંક ને કયાંક તમારા નજીકના સગાઓ જ સંડોવાયેલા હોય છે. આમ કરવામાં તેમને વિકૃત આનંદ સિવાય કંઈ મળતું નથી. હા, કયારેક પોતાનો અહમ સંતોષાય એટલું જ. કયારેક તમારા સબંધીઓ તમારી આગળ મીઠું બોલી તમારી પીઠ પાછળ એવા જીવલેણ ઘા ઝીંકી દે છે કે તમે દર્દ સહન પણ કરી શકતા નથી કે ચીસ પણ પાડી શકતા નથી. સમાજ જીવનની ભીતરમાં ડોકિયું કરતાં આવા અસંખ્ય બનાવો જાણવા મળશે.

**મોરારીબાપુ ક્યારેક કથામાં કહેતા કે તમારા પતંગ આકાશમાં ચગે ત્યારે તેને કાપનારો તમારા નજીકના ધાબાવાળો જ હોય છે**

દામ્પત્યજીવનમાં સમસ્યાઓ તો આવવાની જ પણ આ સમસ્યાઓનું નિવારણ બંને પરસ્પર સંવાદ દ્વારા ન લાવી શકાય? શક્ય છે કે આમાં તમારી પણ ગેરસમજ થતી હોય. ઉશ્કેરાટમાં લેવાયેલ નિર્ણય હંમેશાં ખોટો હોય છે.

એક યુવક અને યુવતિ પ્રથમ મુલાકાતમાં જ બને એકબીજાને પસંદ કરી લે છે. બંનેનો અભ્યાસ, સ્વભાવ અને દેખાવ બંનેને અનુકૂળ લાગતાં સગપણની ગાંઠે બંધાવાનું નક્કી કર્યું. સંબંધ નક્કી થયો પણ યુવકના પડોશમાં યુવતિના સંબંધી રહેતા હતા તેમને યુવક બાબત અભિપ્રાય પુછતાં તેમણે ચુપકીદી સેવી. જાણે પોતાના અહમ ઘવાયો. મને કયાં પૂછ્યું છે તો અભિપ્રાય આપું? બંનેના લગ્ન લેવાયા અને બે જ મહિનામાં બંનેના દામ્પત્યજીવનમાં તણખા ઝરવા લાગ્યા. યુવક દેખાવે સ્માર્ટ હતો પણ મનમોજી હતો. કુંવારો હતો પણ દામ્પત્યજીવનની મજા લુટવામાં કયાંય કચાશ રાખી નહોતી. યુવતિના સંબંધીને આની જાણ હતી છતાં તેઓ ચુપ રહ્યા. કારણ એટલું જ કે મને ક્યાં પૂછ્યું હતું? અને બંને છુટા પડ્યા ફકત બે જ માસમાં. આમ કયારેક સામાન્ય લાગતી બાબતમાં પણ લોકોનો અહમ ઘવાતા બીજાના દામ્પત્યજીવનમાં ભડકો થાય ત્યાં સુધી રાહ જોતા હોય છે. આ બાબતે કયારેક એવો બચાવ રજૂ કરતા હોય છે કે 'ચઢતી દેરીએ પગ કોણ મૂકે?' અમારે તો તમેય સગાને સામે વાળાય સગા, કોનુ ભુંડુ બોલીએ? તમારા દિકરા કે દિકરીના સગપણમાં કોઈ સંબંધીને અભિપ્રાય પૂછતાં હકીકત જાણવા છતાં ગોળ ગોળ જવાબ આપે કે સંબંધમાં બહુ ઉતાવળ કરતા નહીં. તમારી દીકરી હજુ કયાં બહુ મોટી થઈ ગઈ છે? આમ કહી બહુ હોશિયારી પૂર્વક જણાવી દે કે આ સંબંધ કરવા જેવો નથી. અને છતાં બંને પાત્રો એકબીજાને પસંદ કરી લે કે તરત અભિપ્રાય બદલાઈ જાય. માણસો બહુ સંસ્કારી છે સંબંધ કરવા જેવો ખરો... આમાં સંબંધીનું સગપણ કયાં કામ આવ્યું.?

લગ્ન જીવન ટકાવવા બંને વચ્ચે પરસ્પર સુમેળભર્યા વાતાવરણમાં સંવાદ કે અમુદ હદ સુધી ત્યાગની ભાવના જરૂરી છે. આ સત્ય સમજાય તો સમાધાન માટે સંબંધીઓની જરૂર ન પડે. જો કે બધા સંબંધીઓ ખોટા ન હોઈ શકે પણ આવી ભાંજગડ કરનારા પોતાનો હાથ ઉપર રહે તેવા જ દાવપેચ લગાવતા હોય છે. ઘણા એવા પરોપકારી જીવો પણ હોય છે જેમને તોડવા કરતાં જોડવામાં વધુ આનંદ આવે છે. પહેલાં એવું બનતું કે બે પાત્રો વચ્ચે કડવાશ વધે કે દામ્પત્યજીવનમાં ખટરાગ ઉભા થાય તો સમાજનું પંચ ભેગુ મળી બંને પાત્રોને સમજાવી, ઠપકો આપી કે જરૂર પડે ધમકી આપીને પણ સંબંધ ટકાવી રાખતા. આજે પંચ મળે છે ફક્ત છુટાછેડા માટે કારણ કે, સમાજમાં એવા મોભાદાર આગેવાનો નતી રહ્યા કે જેમની બે આંખોની શરમ નડે. એકવાર યુવાનો કોઈ નિર્ણય લે પછી તેમને ફેર વિચારણા માટે મજબૂર કરવા આજના જમાનામાં અશકય છે. જગતમાં એવા દામ્પત્ય ભાગ્યે જ જોવા મળશે જેમના વચ્ચે કયારેય ખટરાગ કે મનદુઃખ ન થયા હોય. પરસ્પરનો અહમ ઘવાય નહી કે કોઈ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવા પ્રયત્ન ન કરે તો દરેક પ્રશ્નોના સમાધાન શકય છે. વધુ સારુ તો એ જ છે કે દામ્પત્યજીવનની અંગત વાતોને અંગત જ રહેવા દો. બીજાને તેમાં ભેળવતાં કયારેક તમે ભેખડે ભરાઈ જશો. કોઈની સાથે ગમે તેટલા સંબંધ સારા હોય પણ કોઈ બાબતે મનદુઃખ થાય ત્યારે તમારી અંગત વાતોને જાહેર કરવામાં આવા લોકોને જરાય ક્ષોભ થતો નથી. મોરારીબાપુ કયારેક કથામાં કહેતા કે તમારા પતંગ આકાશમાં ચગે ત્યારે તેને કાપનારો તમારા નજીકના ધાબાવાળો જ હોય છે. સગપણ અને સંબંધો ટકાવવાની હવે લોકોને બહુ ફાવટ નથી રહી. લોકોની માનસિકતામાં પ્રદૂષણ વધતું જાય છે. ત્યારે ગમે તેવા આત્મીય સંબંધોમાં પણ નિખાલશ બનવાનું ટાળવું જોઈએ. હા, તમે કોઈ વ્યક્તિ પર વિશ્વાસ નથી રાખતા એવું જાહેર કરવામાં પણ જોખમ છે. પોતાની સચ્ચાઈ સાબિત કરવા તે ગમે ત્યારે તમારી સાથે દગો કરી શકે. સમાજની આ તાસીર છે. પરીણામે ઉજળા દેખાતા બધા સંબંધીઓ તમારા હિતેચ્છુ જ હોય એવી ગફલતમાં કયારેય ન રહેતા.